સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'બંધ' મુક્તિ તો નેતા માટે, તમે ઢીલ લેશો નહીં!
મંદિરોમાં કે ગરબામાં તમે ઢીલ લેશો નહીં!
ઢીલ થશે નહીં 'દંડ-સજા'માં કડક કાયદે -
નેતાઓ ! પ્રચારે જરા પણ ઢીલ કરશો નહીં!

હાઈકુ

કામથી દૂરી -
ને મોઢે બાંધો માસ્ક!
ને ધોઈ નાખો
(વિરોધી-દુશ્મનોને-)

દવા પહેલાં -
ચલાવી લ્યો સૂત્રોથી
ને થાવ સાજા!
(ટીવી-રેડિયો-ફોનમાં
સૂત્રો સાંભળ્યા કરો

ચિંતન

ત્વયા મન્યો સરથમારુજન્તો હર્ષ માણા હ્રિષિતાસો મરુત્વન્ ।
તિગ્મેષવ આયુધા સંશિશાના ઉપ પ્ર યન્તુ નરો અગ્નિરુપા ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

આપણા સૈનિકો બળવાન બને, શત્રુનાશની યોગ્યતા રાખે અને હંમેશા પ્રશન્ન રહે. તેમનાં શસ્ત્રો બૂઠાં ન હોય. રાષ્ટ્રની રક્ષા માટે તેઓ પોતાના હિતને હોમી દેવા માટે સદાય તત્પર રહે.

સૈનિકો રાષ્ટ્રની અસ્મિતા અને ગૌરવ માટેના સજાગ પહેરેદારો છે. તેઓ બહારના શત્રુઓથી દેશની રક્ષા કરતા રહીને આંતરિક સુરક્ષા અને શાંતિનું વાતાવરણ જાળવી રાખે છે. સૈનિકોને ખૂબ બળવાન બનવું અને દરેક પ્રકારના શત્રુઓનો નાશ કરી શકવાની વિપુલ ક્ષમતાથી પરિપૂર્ણ હોવું ખૂબ જ જરૂરી છે.

આજની વિષમ પરિસ્થિતિઓમાં લોકોના વિચારોને બદલી નાખીને તેમની સમજદારીનો વિકાસ કરવાની તાતી જરૂર છે.

સુવિચાર

- મિલાવેલો હાથ ભળે મેલો ઘેલો, પણ હૃદયથી પવિત્ર હોય એ પૂરતું છે - **જીવન પાથેય**
- જિંદગી ગમે ત્યારે, અને ગમે ત્યાંથી શરૂ કરી શકાય...
  કાટ હથિયારોને લાગે ઈરાદાઓને નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- હંમેશાં છોટી છોટી ગલતિયોં સે બચને કી કોશિશ કિયા કરો...
  કયોંકિ ઈન્સાન પહાડોં સે નહીં પથ્થરોં સે ઠોકર ખાતા હૈ - **મનિષિ આચાર્ય**
- જો તમે શુદ્ધ હૃદયથી રડી શકો તો એ પ્રાર્થનાની તોલે બીજી કોઈ પ્રાર્થના નહીં આવે - **સ્વામિ કૃપાલુ**
- જે લોકો માને છે કે સર્વ ઘટનાઓ પૂર્વનિર્મિત છે, એથી આપણે કંઈ જ બદલી શકવાના નથી, એ લોકો પણ રસ્તો ઓળંગતી વખતે બંને બાજુ જોઈ લે છે - **સ્ટીફન હોકિંગ**
- ઘરના દરવાજે ઘોડાની નાળ લગાડવાથી સફળતા નથી મળતી,
  ખુદના પગમાં ઘોડાની નાળ લગાડવવી પડે છે - **કચ્છ મિત્ર**
- આજનું ઔષધ : પાનમાં ખાવાનો ચૂનો હળદરમાં મેળવી તે પેસ્ટ મૂઢમાર પર લગાવવાથી સોજો ઉતરે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહર્ષિ રમણ પાસે એક વિદેશી આવ્યો. એણે કહ્યું,'આપને ઈશ્વર પ્રાપ્તિ થઈ ગઈ છે. મને પણ ભગવાનના દર્શન કરવો.' રમણ બોલ્યો, 'અત્યારે જ આપ મારી સાથે આવો.' સખત ગરમીના દિવસોમાં એકાદ કલાક જેવું ચાલ્યા પછી વિદેશીએ કહ્યું, 'હવે થાક્યો છું.' રમણ બોલ્યા, 'ઈશ્વરના દર્શન કરવા છે કે પાછા વળી જવું છે??' વિદેશી કહે, 'ના,આજે તો દર્શન કરી ને જ પાછો ફરીશ.' આગળ આવ્યા ત્યારે એક નાની ઝૂંપડી આવી. જેમાં એક વૃદ્ધ બીમાર સૂતો હતો. તે પોતાની રીતે હરીફરી પણ શકતો ન હતો. ભયંકર ગંદી ઝૂંપડીમાં તે કણસતો હતો. તેણે મહર્ષિ ને જોઈને આવકાર આપ્યો. 'રમણે એમની માફી માંગી કહ્યું, 'આવતા અમારે મોડું થઈ ગયું.' વિદેશી જોઈ રહ્યો કે ખુદ રમણ મહર્ષિ આ બિમાર વૃદ્ધની ક્ષમા માંગી રહ્યા હતા. રમણ મહર્ષિએ તેમની સાફસફાઈ કરી. વિદેશી તો દુર્ગંધ સહન ન થતા દૂર બેઠો. એકાદ કલાકમાં તેમણે વૃદ્ધની સેવા સુશ્રુષા કરી, કપડા બદલાવ્યા. ઝૂંપડી સાફ કરી. દવા પીવડાવી. બહાર આવ્યા. ત્યારે વિદેશી બોલ્યો. 'ચાલો હવે ઈશ્વરના દર્શન કરવા જઈએ.' મહર્ષિ બોલ્યા આ વૃદ્ધ જ મારો ભગવાન છે. આવા દુર્બળ રોગીની સેવા કરવી એ જ મારી પૂજા છે. ભગવાન વેદમાં નિવાસ કરે છે, પણ તે જ રીતે વેદનામાં પણ નિવાસ કરે છે.' વિદેશીએ મહર્ષિને પ્રણામ કર્યા.

રસીનું રાજકીયકરણ : રાજકારણની અધોગતિ

તંત્રીસ્થાનેથી...

રાજકારણમાં પડેલા કહેવાતા મહારથીઓ સામે અર્જુનની જેમ એક જ લક્ષ્ય રહેતું હોય છે. યેનકેન પ્રકારેણ જીતવું - પછી ભલે એના માટે મૂલ્યોને નેવે મૂકવાં પડે. આખરે તો 'જો જીતા વહી સિકંદર!' ભારતીય જનતા પાર્ટીની સ્થાપના વખતે એના મૂળ નેતાઓ એક અલગ પ્રકારની પરંપરાગત રાજકીય પક્ષોની નોખી-અનોખી, મૂલ્ય નિષ્ઠ પાર્ટી બનાવવાનું ધ્યેય લઈને નીકળ્યા હતા. અટલબિહારી વાજપેયી તો એ ધ્યેયને વળગી પણ રહ્યા અને ધીમે ધીમે રહીને કાળનો કોળિયો પણ બની ગયા. સારું થયું કે છેલ્લાં વિસ્મૃતિનાં વર્ષોમાં એમને પોતે કલ્પેલી રૂપરેખાથી તદ્દન સામા છેડાનો વ્યવહાર કરતી પાર્ટી સાથે કોઈ સભાનતા પૂર્વકનો અનુબંધ નહોતો રહ્યો. સ્વર્ગમાંથી પૃથ્વી પર અવતરેલી ગંગા ધરતીમાં તમામ પાપ અને ગંદકી એની અંદર આત્મસાત કરી શતમુખ વિનિપાતપૂર્વક સાગરમાં વિલીન થાય છે એવું જ આપણી રાજકીય પાર્ટીઓનું પણ થતું હોય છે. હ્યુમ દ્વારા દેશી પ્રજાના પ્રશ્નો ઉકેલવા બ્રિટીશ રાજ સાથે ચર્ચા વિચારણા કરવાના સીમિત ઉદ્દેશથી શરૂ થયેલી ઈંડિયન નેશનલ કોંગ્રેસ તિલક - ગોખલે અને એ પછી ગાંધી-સરદાર-નહેરુના નેતૃત્વમાં એક સહારનીય ઊંચાઈ પર પહોંચીને ઈંદિરા શાસન અને તે પછીના સમયગાળામાં એક પારિવારિક પેઢી બની ગઈ છે. ભારતીય જનતા પાર્ટી ક્યારેક વાજેપયી નામના ગુરુશિખરની ઊંચાઈએથી શરૂ થઈ વર્તમાન નેતૃત્વના વહેવારું ખદબદતી ખીણમાં પટકાઈ દૂષિત થઈ ચૂકી છે. ચૂંટણી જીતવા માટે એ સાંપ્રદાયિક સદ્‌ભાવ સાથે ચેડાં કરતી રહી છે, રામનું નામ વટાવતી રહી છે અને સૌથી હીન ચેષ્ટા તો એને જયાં નીતીશકુમારની આંગળી પકડીને સત્તામાં ભાગીદારીની તક મળેલી છે એ બિહારમાં કોરોના વેકસીન અંગેનું રાજકારણ રમીને કરી રહીછે. વૈશ્વિક મહામારીનો સામનો કરવામાં પણ રાજકારણ રમે એનું નામ ભારતીય જનતા પાર્ટી! બિહારના વર્તમાન મુખ્યમંત્રીએ એમના પછાત રાજયને 'સ્પેશિયલ સ્ટેટસ' આપવાની વખતોવખત કરેલી માગણી હાંસિયે ધકેલી દઈને અત્યારની ગરમાગરમ ભજિયા જેવી આઈટમ - 'કોરોના'ના નામે એણે જુગાર ખેલી લેવાનું પસંદ કર્યું છે. સ્વાભાવિક છે કે દુખિયારી પ્રજા એનાથી લલચાય. પ્રજાની નબળી નસ દબાવીને એની લાચારીને ગેરલાભ લેવાની આ અત્યંત ઘૃણાસ્પદ ચેષ્ટા પાર્ટીના પ્રદૂષિત માનસની જ પારાશીસી સાબિત થશે. કોરોના વેકસીન બિહારને મફત આપવાની જાહેરાત જયારે ભાજપના ઢંઢેરાનું ધ્રુવપદ હોય ત્યારે પ્રશ્ન જરૂર થાય કે તો શું બાકીનાં રાજયોએ પણ આગામી ચૂંટણી સુધી વેકસીન ફ્રી થવાની રાહ જોવી પડશે? રાહુલ ગાંધીએ અને શશી થરૂરે આ મુદ્દે વાજબી રીતે ઉઠાવ્યો છે જેનો ખુલાસો કરતાં કેન્દ્ર સરકાર કઠેડામાં આવી શકે એમ છે. રાજયોના વિષય તરીકે આરોગ્યને કેન્દ્ર પણ સ્વીકારતું હોય તો એ ચૂંટણી જીતવા કોરોના વેકસીનનો હથિયાર તરીકે ઉપયોગ કરે તે કેટલું વાજબી લેખાશે? ચૂંટણી પંચે જ નહીં, સુપ્રીમ કોર્ટે પણ આ મુદ્દે સુઓમોટો સુનાવણી યોજી ભાજપની વિજયભૂખને ભાંડવી ઘટે.

'જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો આદમી ઉઠતા નહીં, ઉઠ જાતા હૈ...'

'જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો આદમી ઉઠતા નહીં, ઉઠ જાતા હૈ...'
- દામિની

ઈ.સ. ૧૯૯૩માં આવેલ રાજકુમાર સંતોષી દિગ્દર્શિત 'દામીની' ફિલ્મ સુપરહીટ રહી હતી, તેમાં સુતનુ ગુપ્તા અને દિલીપ શુકલાના હાથે લખાયેલ સંવાદો સની દેઓલ બોલે છે, ત્યારે દર્શકો તાળીઓથી વધાવી લેતા હતા, બેસ્ટ સપોર્ટીંગ એક્ટરનો ફિલ્મફેર એવોર્ડ પણ સની દેઓલને આ માટે મળ્યો હતો.

અમરીશ પુરી જયારે ગોવિંદ (સની દેઓલ)ના ઘરે તેને દામિની (મિનાક્ષી શેશાદ્રીના કેસમાંથી હટી જવા માટે ધમકી આપવા જાય છે, ત્યારે સની દેઓલ અને અમરીશપુરી જેવા ધુરંધર કલાકારો વચ્ચે સંવાદોની જે ધાણીફૂટ રમઝટ બોલે છે તે, સમયે આ સંવાદ સની દેઓલ કહે છે... અમરીશ પુરીના ભાડૂતી ગુંડા જયારે રિવોલ્વર દેખાડે છે, ત્યારે સની દેઓલ કહે છે કે, મારા હાથોમાં જ એવી તાકાત છે કે, સામી પર એક જ હાથ સામી વ્યક્તિના ભાગે આવે તો તેનું રામશરણ થઈ જાય છે...

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

યોગાનુયોગ જ આવો સંવાદ ભાસ વિરચિત 'પંચરાત્રમ્' નાટકમાં ભીમેસનનાં મુખે બોલાય છે.

धनुः तु दुर्बलैः एव गृह्यते । मम तु भुजो एव प्रहरणम् ।
- ધનુષ્ય તો દુર્બળો જ રાખે છે, મારા તો હાથ જ હથિયાર છે.

મહાભારતના કથાનક પર આધારિત આ નાટકની રચના સમય વિશે ખૂબ મતમતાંતર છે, પરંતુ શ્રી સુકથંકર, વિન્ટરનિત્સ વગેરે વિદ્વાનોના મત પ્રમાણે તેમનો સમય ૭મી થી ૧૧મી શતાબ્દી વચ્ચેનો માની શકાય.

૧૩માં વર્ષના અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોને વિરાટ નગરમાંથી પકડી પાડવા માટે હસ્તિનાપુરનું સૈન્ય વિરાટ રાજયની ગાયોનું અપહરણ કરી જાય છે, અને બૃહન્નલા (અર્જુન)ની મદદથી વિરાટનું સૈન્ય જીતી જાય છે, વલ્લભ (ભીમ) પાયદળના સૈનિકરુપે અભિમન્યુને બંદી બનાવીને વિરાટ રાજા સામે હાજર કરે છે. નાટક ખૂબ સરસ દેશ્ય ખડું કર્યું છે, કે ભીમ, અર્જુન, યુધિષ્ઠિર ને તે ખબર છે કે આ અભિમન્યુ અર્જુનનો પુત્ર છે, પરંતુ અભિમન્યુ તેમને ઓળખતો નથી... અને ગુસ્સાથી કહે છે.. કે આ (ભીમે) નિશસ્ત્ર પાયદળ બનીને મને પકડી લીધો, અને તેના જવાબમાં ભીમસેન જવાબ આપે છે કે, ધનુષ્ય તો દુર્બળોના હથિયાર કહેવાય... મારા તો હાથ જ હથિયાર છે...

- jayuoza@gmail.com,
Mo.9898046488

ગુજરાતી સાહિત્યકાર, લેખક, દિનેશ દેસાઈ દ્વારા નરેન્દ્ર મોદી વિશેના પુસ્તકો લખી વિશ્વવિક્રમ બનાવાયો

'વૃત્ત સંચય'

● ગુજરાતી સાહિત્યકાર અને 'ગુજરાત મિત્ર' દૈનિક પરિવારના લેખક, દિનેશ દેસાઈએ, માન.વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે(૧) ગુજરાતી ભાષામાં- ૨૨, (૨) હિન્દી ભાષામાં-૪ અને (૩)અંગ્રેજી ભાષામાં-૩ મળી, કુલ-૨૯ પુસ્તકો લખ્યાં છે; જેને 'વર્લ્ડ રેકોર્ડઝ ઈન્ડિયા' માં સ્થાન મળ્યું છે. આ એક જ લેખક દિનેશ દેસાઈએ, ત્રણ ભાષામાં, એક જ વ્યક્તિ વિશેષ ઉપર, સૌથી વધુ ૨૯ પુસ્તકો લખી વિક્રમ સ્થાપ્યો છે. દેશ-વિદેશમાં જુદા જુદા લેખકોએ, માન.વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે, એક એક મળીને સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે; પરંતુ એક જ લેખકે, છેલ્લા નવ વર્ષમાં ત્રણ ભાષામાં, મોદી વિશે ૨૯ પુસ્તકો લખ્યાં હોવાનો આ એક અદ્વિતીય વિક્રમ નોંધાયો છે. દિનેશ દેસાઈ લિખિત 'અમારી નજરે નરેન્દ્રભાઈ' (સને ૨૦૧૪) પુસ્તક, સમગ્ર દેશમાં, નરેન્દ્ર મોદી વિશેના પુસ્તકોમાં સૌથી વધુ કિંમતનું પુસ્તક બન્યું છે, જેની કિંમત છે રૂ.૨૯૦૦/-

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

આ ૨૯ પુસ્તકોમાં શ્રી નરેન્દ્ર મોદીની જીવનકથાના પ્રસંગો, ગુજરાત રાજ્ય એક બ્રાન્ડ તરીકે, ગુજરાત મોડલ વિશે, કિશોર- તરુણો યાને ટીનેજર્સ માટે નરેન્દ્ર મોદીના વિચારો, નરેન્દ્ર મોદીનાં બિનરાજકીય સુવાક્યો,નરેન્દ્ર મોદીની રાજકીય બાબતો તથા વિચારધારા વિશેનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમના હિન્દી પુસ્તક માટે સને ૨૦૧૩ ના 'હિન્દી સાહિત્ય અકાદમી, ગુજરાત'ના 'અકાદમી પુરસ્કાર' થી તેમને નવાજવામાં પણ આવ્યા છે. લેખકે ૨૯ પુસ્તકો લખી, નવો અદ્વિતીય રેકોર્ડ સર્જ્યો છે એ બદલ, તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com
(M) 9824236893

નરોતમ પલાણ : પોરબંદરનું ઘરેણું

કોઈ કોઈ માણસનું વ્યક્તિત્વજ એવું સોહામણું અને લોભામણું હોય છે કે એકવાર તેમને નીરખ્યા પછી તે કદી વિસ્મૃત થાય નહિ. ભાઈ રામજી વાણીયા કહે છે તેમ આવા વ્યક્તિત્વને પાંપણોમાં પૂરી દેવાનો લોભ રોકી શકાતો નથી. રામજીભાઈએ લખ્યું છે :

> ટાંકા લઈને તુણી લીયો,
> પડદા પાપણના,
> રહે અખંડ અખીયાં મહી
> સોણાં સાજણના.

જેમના મીઠા – મધુરા સંસ્મરણમાં આ વાત કહેવાનું મન થાય છે તેવા નરોત્તમ પલાણને મળ્યા પછી મારા જેવા અનેક લોકોને આવી અનુભૂતિ થઈ હશે. મજાદરમાં કવિ કાગના ફળિયે કાગની વાતુનો પ્રસંગ હોય. મોરારીબાપુની હૂંફાળી હાજરી હોય અને પલાણ સાહેબ તથા છેલભાઈ વ્યાસ જેવા મર્મીઓ સાથે 'દો દો બાતાંલ્લ કરવાનો પ્રસંગ મળે ત્યારે ફરી બાર મહીના ચાલે તેટલા ઉમંગનું ભાથું મળી રહે છે. બાપુની કોઈ કોઈ રામકથામાં પણ આવીજ ઘટના બનતી રહે છે. આથી 'શ્વેતકેશી મિતરલ્લ (પ્રવીણ પ્રકાશન) મોડે મોડે પણ વાંચવાની તક મળી ત્યારે ફરી મુરબ્બી નરોત્તમ પલાણ સાહેબની સ્મૃતિ પુનઃ જાગૃત થઈ આવી. સ્મરણની સૌરભ લોબાનની સૌરભ સમાન પ્રસરી રહી.

> સ્મરણ લીલું કપુરી
> પાન જેવું, હવામાં
> ચોતરફ લોબાન જેવું.

જીવનના લગભગ સાડા આઠ દાયકાની ઉજળી સફર પૂરી કરનાર નરોત્તમભાઈ અનેક લોકોનું પ્રિય પાત્ર છે. તેમની સાહિત્યયાત્રા સાથે હેતુલક્ષી પ્રવાસયાત્રા હમેશા જીવંત રહી. એક સાચા શિક્ષકને શોભે તેવી અધ્યાપકીય યાત્રા સમાજ માટે ઉપજાઉ રહી બાપુએ લખ્યું છે તેમ પલાણ સાહેબની જીવન સરિતાના બન્ને કિનારા – લોક અને શ્લોક – બન્ને ખૂબજ મજબૂત તથા ખળભળ્યા વિનાના રહ્યા. સાહિત્યની આ બન્ને ધારાઓમાં અધિકારીતાની યોગ્યતા સાથે વાત કરી શકે તેવા લોકો ખૂબજ ઓછા જોવા મળ્યા છે. હમેશા ચર્ચા માટે, આપણું માર્ગદર્શન કરવા માટે સોળે કળાએ સજ્જ એવા પલાણ સાહેબનું વ્યક્તિત્વ એ આપણી સહીયારી સામાજિક મૂડી છે. પોરબંદરમાં 'કલરવલ્લ જેવી સાહિત્ય સંસ્થા ઉછરીને પાંગરી શકી. તેમાં સાહિત્યની લાંબા કાળ સુધી ઉપાસના થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવાનો પલાણ સાહેબનો સહેતુ પ્રયાસ છે. કવિ ઉમાશંકર જોશી ડોલરરાય માંકડ કે ભાયાણી સાહેબ જેવા પુણ્યશ્લોક સર્જકો પાસેથી મેળવેલું ભાથું પલાણ સાહેબે મન ભરીને વહેંચ્યું છે. 'શ્વેતકેશી મિતરલ્લ ના બન્ને યુવાન સંપાદકો – મનસુખ ઠાકર તેમજ મહેન્દ્ર વાળા – નું કાળજી તથા ચોકસાઈભર્યું સંપાદન કાબીલે તારીફ છે.

લોકસાહિત્ય અંગેના પલાણ સાહેબના વિચારો સ્પષ્ટ તેમજ દિશા નિર્દેશક છે. લોકસાહિત્ય – રામાયણ કે મહાભારત જેવા પ્રાચીન ગ્રંથોનું સાહિત્ય તેમજ ચારણી સાહિત્ય વચ્ચે એક પાતળી પણ ચોક્કસ ભેદરેખા છે. આ ભેદરેખા કદાચ અનેક લોકો સ્પષ્ટ રીતે સમજી શકતા નથી તેવો એક મત છે. નરોત્તમભાઈ આ મતનું મજબૂત સમર્થન કરનારા છે. પલાણ સાહેબનું આ અંગેનું તાર્કીક તથા સૂઝબૂઝ ધરાવનારું વલણ છે. જે સાહિત્યનું સર્જન લોકો દ્વારાજ થયું તે ખરા અર્થમાં લોકસાહિત્ય છે. તેથી તો કાકાસાહેબ પણ તેને સમાજની સહીયારી સંપત્તિ ગણાવે છે. તેમાં કોઈ કર્તા વિશેષનો ભાવ નથી તેથી તે સાર્વત્રિક છે. ઘણાં

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ભાગે આ સાહિત્ય બોલીઓમાં સર્જન પામે છે. કદાચ એ બોલી કે એ લોક અદ્રશ્ય થાય પરંતુ તેમના થકી સર્જાયેલું સાહિત્ય અપભ્રંશ થતાં થતાં પણ પ્રવર્તમાન રહે છે. સમાજની એક નિરંતર પ્રક્રિયા કે ધારા હોય છે. તે સ્થિર કે નિર્જીવ નથી. સતત પરિવર્તનશીલ છે. આથી તે ધારાને અનુરૂપ સર્જનો – કાવ્યો – ઉક્તિઓ લોક દ્વારા થતા તેમજ વહેતા રહે છે. આ રચનાઓ સામાન્યતઃ લોકાનુભૂતિને ઝીલે છે અને પ્રગટ કરે છે. આજે તેમ થઈ શકે ? મને લાગે છે કે જે વર્ગ કે સમૂહ જીવનની ગતાનુગતિક યાંત્રિકતાથી બહાર નીકળીને કોઈ અનુભવેલી હોય તેવી સંવેદનાને શબ્દદેહે અવતરણ કરાવે તો ગમે તે કાળે તેમ બની શકે. થોડા વર્ષો પહેલા બગસરા (અમરેલી જિલ્લો) જવાનું થયું ત્યારે ત્યાંની સુંદર મીડલ સ્કૂલની દીકરીઓએ એક સુમધુર ગીત રજૂ કર્યું તે આજના સંદર્ભમાં તે વર્ગ કે સમૂહના લોકજીવન માટે પ્રાસંગિક છે. ગીર અભ્યારણ્યનો વિસ્તાર થતાં ત્યાં પેઢી દર પેઢીથી સ્થાયી થયેલા માલધારીઓને વિસ્થાપિત થવું પડે છે. આ સ્થિતિ તેમના માટે પીડાદાયક છે. માત્ર આર્થિક કારણોસર નહિ, પરંતુ જે જમીન સાથેનું જોડાણ છે, તળ સાથેનો ઘાટો નાતો છે તેમાં અહીં વિચ્છેદ થાય છે. તેથી પીડા છે. દીકરીઓએ તેમના ગીરના પ્રવાસમાં સાંભળેલું આ ગીત છે.

> આ ગીર કેડી વાંકી
> મારે માલ જાવો હાંકી
> સીપાઈ દેતાં ડારાં
> તમે નીકળો ગીર બારાં.

આખી રચના ભાવવાહી છે. વાસ્તવિકતાનું દર્શન કરાવનારી છે. મૂળથી વિખૂટા પડ્યાની વેદના છે. આથી લોકસાહિત્ય કદી વાંઝીયું હોતું નથી. લોક શાશ્વત છે, લોકની વ્યથા – સમસ્યાઓ તેમજ તેમનો ઉમંગ – ઉત્સાહ શાશ્વત છે અને તેથીજ આ સાહિત્ય શાશ્વત છે. જોકે સમગ્ર સાહિત્ય એક સળંગ પ્રવાહ છે. માત્ર અભ્યાસ ખાતર તેમાં લોકસાહિત્ય કે શિષ્ટ સાહિત્ય જેવા પાતળા વિભાજન થયા છે. પલાણ સાહેબની આ મુદ્દાની વાત સમજવા જેવી છે. અભ્યાસુ છે. વ્યક્તિ ચિત્રોમાં પણ પલાણ સાહેબની એક ભિન્ન છટા છે. બહેન ઢેલીબેન થકી મેઘાણીનું ચિત્ર પલાણ સાહેબની કલમે મન ભરીને લાંબા સમય પહેલા માણ્યાં છે તેની સ્મૃતિ છે. આ શ્વેતકેશી ધજા હજુ અનેક વર્ષો સુધી ઉન્નત સ્વરૂપે ફરકતી રહે તેવી પ્રભુને પ્રાર્થના છે. હરિકૃષ્ણ પાઠકના સુંદર શબ્દો છે :

> હાથ ઊંચા કરી હેઈ હેઈ
> હાસ્યના ધોધ વાવળે,
> શ્વેતકેશી ધજા જાણે
> વાયરે ફરકી રહે.

ગાંધી કેળવણી માટે આચાર્ય કૃપાલાણીની શિખ

મહાત્મા ગાંધીએ શિક્ષણ-પાયાની કેળવણી અર્થે બહુ જ મોટું પ્રદાન આપ્યું એમ કહી શકાય.

ગાંધી આ શિક્ષણ યોજનાને આચારય જે.બી. કૃપાલાણી સરસ સમજાવે છે.

કૃપાલાણી લખે છે : ગાંધીજીની નવી પદ્ધતિ સાદી, સ્વાભાવિક, તથા વિજ્ઞાન અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ શુદ્ધ છે, એવું આપણે આગળ કહી આવ્યા છીએ, અને આપણે એમ માની શકીએ કે, તે વસ્તુ આપણે ઠીક ઠીક સાબિત પણ કરી આપી છે. પરંતુ એ યોજનાને અમલમાં મૂકવામાં મોટી મુશ્કેલીઓ આડી પડેલી છે; અને તેમને યથાયોગ્ય નિકાલ કરવામાં ન આવે, તે આખો અખતરો અવશ્ય નિષ્ફળ જ નીવડે. સૌથી મોટી મુશ્કેલી તે યોજના માટે આવશ્યક એવા શિક્ષકે શોધવાની અને તૈયાર કરવાની છે. એ ધંધામાં જેઓ પહેલેથી પડેલા છે, તેઓમાંના મોટા ભાગના લોકો નવા વિચારો સ્વીકારવાને અને અમલમાં મૂકવાને અસમર્થ છે.

ગાંધીજીની યોજનામાં કાળજીભરી સતત જાગૃતિ, પ્રયત્નશીલતા, અને મિશનરીને જુસ્સો જોઈએ. આ યોજનામાં વિદ્યાર્થી કરતાં શિક્ષકે જ વધારે કામ કરવું પડે છે. તેણે સતત જાગ્રત રહેવું જોઈએ એટલું જ નહીં, પણ વધુ ચાલાક અને ચપળ રહેવું જોઈએ. તેણે દરેક વિગત ઉપર ખાસ લક્ષ રાખવું જોઈએ. વર્ગના ઓરડામાં જે કાંઈ કામ થાય તેની તેણે ચોક્કસ રોજનીશી રાખવી જોઈએ. રોજ દરેક વિદ્યાથી કેટલું કામ કરે છે, તેની પણ તેણે કાળજીથી નોંધ રાખવી જોઈએ.

એટલી કાળજી રાખ્યા છતાં એમ બનવાને પૂરે સંભવ છે કે, કોઈ હોશિયાર શિક્ષક જે

શિક્ષકોએ પોતાની 'નાત'ના બુદ્ધિશાળીના ચીલા ચાતરવાના, અનુસરવાના નહીં

કાંઈ કરે, તેને જ ધોરણ તરીકે સ્વીકારી લેવામાં આવે; તથા તેને સુવ્યવસ્થિત કરી, તેની યાદી કરી લેવામાં આવે; - વિચાર અને શોધખોળને ઉત્તેજન આપવાના હેતુથી નહીં, પણ નકલ કરવા માટે નમૂને પૂરો પાડવા ! વસ્તુતાએ પણ, ભૂતકાળમાં શિક્ષકે જાગ્રત અને પ્રયત્નશીલ ન રહેવાને લીધે, શીખવવાનું અને શીખવાનું બધું કામ અમક નિશ્ચિત લોખંડી પ્રણાલિકાને અનુસરતું અને શાબ્દિક બની ગયું હતું. શિક્ષક પિતાની નાતના બુદ્ધિશાળી કહી શકાય તેવા લોકોએ પાડેલા ચીલાને જ અનુસરવા લાગ્યા. તેઓ પિતાની સ્વતંત્ર બુદ્ધિ વાપરતા રહ્યા નહીં. આમ તેઓએ જ્ઞાનને વેદિયાપણામાં અવનત કરી મૂક્યું. જે ગાંધીજીની યોજના સફળ નીવડવાની હોય, તે દરેક શિક્ષકે અને દરેક વર્ગે ધરજપૂર્વક પિતાની આજુબાજુના સંજોગોને કાળજીભર્યો અભ્યાસ કરીને પિતાને માટે સૌથી વધુ યોગ્ય એ માર્ગ શોધી લેવું જોઈએ. ભૂતકાળમાં નવા ચીલા પાડનારી તથા તાજાં ક્ષેત્રે ખુલ્લાં કરનારી નવી પ્રાગતિક શાળાઓમાં પણ વખત જતાં કામકાજ અમુક નિશ્ચિત પ્રણાલિકામાં ઢાળી દેવાયું, અને પરિણામે તેમાંની તાજગી, જેમ અને પ્રેરકતા ચાલ્યાં ગયાં. તેથી શિક્ષકે હંમેશાં સાવચેત રહીને તપાસતા રહેવું જોઈએ કે, જયાં જયાં તે અમુક પ્રણાલિકાઓ કે ચીલાઓ પાડતો હોય, ત્યાં પણ તેને હેતુ દોરવણી કે દિશા બતાવવાને જ હોય; નહીં કે બીજામાં મૌલિકતાની આવશ્યકતા દૂર કરવાને. આપણે કોઈ નિષ્ક્રિય - સ્થિર જમાનામાં નહીં, પરંતુ ગતિશીલ જમાનામાં જીવી રહ્યા છીએ. આજે દરેક ચીજ પહેલાં કદી ન હતી તેટલી ગતિમાન બની ગઈ છે. તેથી શિક્ષકે પણ પ્રગતિશીલ અને ગતિમાન રહેવાનું છે. તેણે પિતાનાં હલેસાં ઉપાડી લઈ તેમને ટેકે અટેલીને સ્થિર ઊભા રહેવાનું નથી. દરેક

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

શિક્ષકે શોધક તથા પ્રવર્તક થવાનું છે. કોઈ એક પ્રક્રિયાથી સ્થિરતા આવીને ઊભી રહે, તે તેણે તે પ્રક્રિયા એ બદલી નાખવાની છે. તેણે આપમેળે દરેક બાબત માટેનો માર્ગ શોધવાનું છે. કોઈ એક માર્ગ બધા સમય માટે તથા બધા સંજોગોમાં સર્વોતમ હોઈ શકે નહીં. શિક્ષક તેમ જ વિદ્યાર્થી બંનેને ચોપડીઓ તે માત્ર દિગ્દર્શક જ રહેવી જોઈએ. ચોપડીઓએ પિતાની અટળ પ્રમાણભૂતતા શિક્ષક કે શિષ્ય ઉપર લાદી દેવી ન જોઈએ.

આ પ્રમાણે થાય તે જ જ્ઞાન તાજગીભર્યું રહે, અને નવી પદ્ધતિઓ અને પ્રકારના ઉપયોગ વડે ઉત્તેજના પામતું રહે. એ રીતે જ તે માત્ર શબ્દોની જંજાળમાંથી મુક્ત થઈ શકે. જે ઉપરની મુશ્કેલીઓ સામે સફળતાથી બચાવ કરી લેવામાં આવે, તે ભણાવવું તેમ જ ભણવું એ બંને પ્રક્રિયાઓ આનંદમય, સરળ અને ફલપ્રદ બની રહે.

આમ કૃપાલાણીજીનું સ્પષ્ટ મંતવ્ય છે કે ગાંધીજીએ જે પાયાની કેળવણીના વિચારો દ્વારા વિદ્યાર્થીને શાળા જીવનથી જ શ્રમ અને આવડત સાથે સાવ સહજ જોડવાની વાત કરી છે તેમાં નિત્ય પ્રયોગશીલતા દાખલ કરવી જોઈએ. ગાંધી કેળવણી વિચાર મુજબ જો કોઈ હોંશિયાર કે કાબેલ શિક્ષક સરસ મજાનું કામ કરે તો એની જ નકલના આંધળૂકીયા બીજા શિક્ષકો કરે તે સાહેજ પણ વ્યાજબી નથી. શિક્ષકોએ તેમની 'નાત'ના બુદ્ધિશાળી કહી શકાય તેવા લોકોએ પાડેલા ચીલા ચાતરવાના છે તેને અનુસરવાના નથી એમ આચાર્ય કૃપાલાણીજી કહે છે.